# બાયડ શહેર ભાજપ સંગઠન કારોબારી બેઠક યોજાઈ

## કેન્દ્ર સરકારની ૭ વર્ષની કામગીરીની સરાહના : લોક કલ્યાણના કામોમાં લાગી જવા કાર્યકરોને હાકલ




હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૦

બાયડ શહેર ભાજપ સંગઠન કારોબારી બેઠક વારેણા આશ્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન મંત્રી, જિલ્લા સંગઠન પ્રભારી કુ.જયશ્રીબેન દેસાઈ, બાયડ શહેર પ્રભારી વનિતાબેન પટેલ, શૈલેષભાઈ ભોઈ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ. કોરોનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી કારોબારી બેઠક શરૂ કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કારોબારીના રાજકીય પ્રસ્તાવથી કારોબારી સભ્યોને અવગત કરવામાં આવ્યા હતા. કોરોનાના કપરા કાળમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સારી કામગીરી ઉપરાંત કેન્દ્ર સરકારની ૭ વર્ષની કામગીરીની સરાહના કરવાની સાથે જિલ્લા સંગઠન પ્રભારી કુ.જયશ્રીબેન દેસાઈએ કોંગ્રેસને આડેહાથે લીધી હતી જેમાં કોરોનાના કપરાકાળમાં કાગારોળ કરતા વિપક્ષો ક્યાંય દેખાયા નહીં, ભાજપના કાર્યકરોએ સાચા અર્થમાં કોરોના યોદ્ધા બની કોરોનાગ્રસ્ત લોકો અને પરિવારને મદદરૂપ થયાનું જણાવ્યું હતું.

નવનિયુક્ત બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલના વડપણ હેઠળ યોજાયેલી બાયડ શહેર ભાજપ સંગઠન કારોબારી બેઠકમાં ઉપસ્થિત સર્વ આમંત્રિતો, વિવિધ મોરચાના પ્રમુખ-મંત્રી, પદાધિકારીઓ અને ઉપસ્થિત કાર્યકરોનું શહેર ભાજપ સંગઠન પ્રમુખે આવકાર સાથે સન્માન કર્યું હતું તેમજ કારોબારી બેઠકનો હેતુ જણાવ્યો હતો ત્યારબાદ બાયડ શહેર ભાજપ પ્રભારી વનિતાબેન પટેલે તા.૨૮ જૂન-૨૦૨૧ ના રોજ ભાજપ ગુજરાત પ્રદેશ કારોબારીની



વર્ચ્યુઅલ બેઠકના રાજકીય પ્રસ્તાવને રજૂ કર્યો હતો તેઓએ ગુજરાતની પ્રજાનો ભાજપ પર અતૂટ વિશ્વાસ અખંડ રહ્યો છે તેમ જણાવી કોરોનાના કપરા સમયે થયેલી ચૂંટણીમાં પણ ગુજરાતની પ્રજા ભાજપને પડખે ઉભી રહી. ભાજપ સંગઠન અને ગુજરાતની ભાજપ સરકાર પ્રત્યે હરહંમેશ પોતાનો વિશ્વાસ જાળવી રાખ્યો હતો તેમ જણાવ્યું હતું. જિલ્લા સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કોવિડની લડાઈ એક દ્રષ્ટાના રૂપે લડ્યા તેમના નેતૃત્વમાં દેશના ૧૩૦ કરોડ દેશવાસીઓને સુરક્ષિત રાખવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો હતો તેમ જણાવી ગત વર્ષની પ્રથમ લહેરથી મોદીજીના નેતૃત્વમાં ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટનો સિદ્ધાંત અપનાવાયાનું જણાવ્યું હતું. તેઓએ બાયડ શહેર ભાજપ સંગઠન અને સત્તાધારી પદાધિકારીઓને સંકલનમાં રહીને કામ કરવાની સૂચક માર્મિક ટકોર કરી હતી. બાયડ શહેર ભાજપ સંગઠન કારોબારી બેઠકમાં ગુજરાત પ્રદેશ ભાજપ પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ચંદ્રીકાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, એડવોકેટ અદેસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, કાર્યાલય ઈન્ચાર્જ અશ્વિનભાઈ પરમાર, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પી. પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી, જિલ્લા ભાજપ સંગઠન મંત્રી રાહુલપૂરી ગોસ્વામી, બાયડ પાલિકા પૂર્વ પ્રમુખ ડૉ.શકુન્તલાબેન પટેલ, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ તપન પટેલ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન કિરીટ પટેલ(અરજણવાવ) દ્વારા કરવામાં આવ્યું. કારોબારી બેઠકનું સંકલન સંગઠન મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, દિપકભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની પૂર્ણાહૂતિ પછી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# શ્રેષ્ઠ કામગીરીમાં ઉલટી ગંગા : મનરેગા યોજનામાં ભ્રષ્ટાચારની ફરિયાદોથી લીપ્ત મેઘરજ તાલુકો રાજ્યમાં ત્રીજા સ્થાને

## ત્રીજા સ્થાનથી અધિકારીઓ મલકાયા, મનરેગાની ફરિયાદ કરનારાના મોંઢાં વિલાયાં

બાયડ (બ્યુરોઓફિસ) તા.૧૦

મનરેગા યોજનામાં શ્રેષ્ઠ કામગીરીમાં ઉલટી ગંગા વહેતી જોવા મળી. અરવલ્લી જિલ્લામાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચારની સૌથી વધુ ફરિયાદોથી લીપ્ત રહેલા મેઘરજ તાલુકાને રાજ્ય સરકારે સૌથી સારી કામગીરી બદલ ત્રીજા સ્થાનથી નવાજતાં આશ્ચર્ય ઉભું થયું છે. રાજ્ય સરકાર દ્વારા ત્રીજા નંબરે જાહેર કરાયેલા સ્થાનને કારણે તાલુકાના અધિકારીઓ મલકાયા છે પરંતુ મનરેગા યોજનામાં લખલૂંટ ભ્રષ્ટાચાર આચરાયો હોવાની અગાઉ ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરનારાઓના મોંઢાં વિલાયાં છે.

જિલ્લામાં ટ્રાયબલ તાલુકો ગણાતા મેઘરજ તાલુકાના વિકાસ માટે અત્યાર સુધીમાં કરોડો રૂપિયાનું આંધણ સરકારની વિવિધ યોજનાઓ દ્વારા થયું છે. પરંતુ આઝાદીના દાયકાઓ પછી પણ મેઘરજ તાલુકો અનેક સમસ્યાઓથી ઘેરાયેલો રહ્યો છે. ખાસ કરીને સરકારની યોજનાઓમાં મોટાપાયે ખોટું થયું હોવાની ફરિયાદો આ વિસ્તારમાંથી કાયમી બની છે. તળાવો ઉંડા કરવાથી માંડી અન્ય વિકાસના કામોમાં ગોલમાલ થયા અંગેની ગંભીર ફરિયાદો જિલ્લા સ્તરેથી છેક રાજ્ય સરકાર સુધી જે તે સમયે થઈ હોવા છતાં મનરેગા યોજનામાં મેઘરજ તાલુકાએ શ્રેષ્ઠ કામગીરી કરી હોવાનું ખુદ સરકારે જાહેર કરતાં આશ્ચર્ય ઉભું થયું છે. મનરેગા યોજનામાં શ્રમજીવીઓની સંખ્યા અને તેમને ચૂકવાતા વેતન અંગે અગાઉ અનેક ફરિયાદો ઉઠી છે. મસ્ટરમાં બેરોજગારોના નામે નામ લખી ખોટી હાજરી પૂરવામાં આવતી હોવાની પણ ફરિયાદો રહેલી છે તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા આ તમામ ફરિયાદોને નજર અંદાજ કરી મનરેગા યોજનામાં મેઘરજ તાલુકાએ શ્રેષ્ઠ કામગીરી કરી હોવાનું નોંધી સમગ્ર રાજ્યમાં ત્રીજું સ્થાન આપ્યું છે જેથી ભ્રષ્ટાચારની કાયમી ફરિયાદ કરનારાઓનાં મોંઢાં હાલ વિલાઈ ગયાં છે. અગાઉ જે રીતે તાલુકામાં થયેલ વિકાસના કામો, તળાવો ઉંડા કરવા તેમજ મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર અંગેની ફરિયાદો ઉઠી છે તેની નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તપાસ થાય તો ટ્રાયબલ વિસ્તારમાં ધરબાયેલો લખલૂંટ ભ્રષ્ટાચાર બહાર આવશે તેવું અનેક લોકો બોલી રહ્યા છે.

# લીંભોઈના સીમાડામાં વિજ તંત્રને ઝટકો, રૂા.૭૮,૦૦૦નાં કેબલની ચોરી

## ગ્રામ્ય વિસ્તારમાં કેબલ ચોર ટોળકી ફરી સક્રીય

બાયડ (બ્યુરોઓફિસ) તા.૧૦

મોડાસા તાલુકાના લીંભોઈના સીમાડામાં ત્રાટકેલી કેબલ ચોર ટોળકી સબસ્ટેશન ફીડરની ૧૧ કે.વી. તેમજ ગલસુંદરા લાઈનના કેબલ મળી કુલ રૂા.૭૮,૪૦૮ની કિંમતના કેબલ સહિતની મત્તા ચોરી ફરાર થઈ જતાં વિજ તંત્રને ઝટકો લાગ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં કેબલ ચોર ટોળકી ફરીથી સક્રીય થતાં વિજ તંત્ર ઉંધા માથે થયું છે. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે અજાણ્યા કેબલ ચોર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

છેલ્લા કેટલાક સમય માટે કેબલ ચોરીના બનાવો ઉપર બ્રેક આવ્યા પછી હવે ફરીથી કેબલ ચોર સક્રીય થયા છે. કૃષિ વિજ પુરવઠો પૂરો પાડતા સબસ્ટેશનોની લાઈન કેબલ ચોરના નિશાના ઉપર વધુ રહેતી હોય છે. અગાઉની કેબલ ચોરીના ભેદ ઉકેલવામાં પોલીસ નિષ્ફળ રહ્યા પછી મોડાસા તાલુકામાં કેબલ ચોર માથું ઉંચકી રહ્યા છે. તાલુકાના લીંભોઈના સીમાડામાં પસાર થતી લીંભોઈ તેમજ ગલસુંદરાની વિજ લાઈનને રાત્રિના સમયે નિશાન બનાવી કેબલ ચોર એલ્યુમીનીયમના વિજ વાયર તેમજ અન્ય સરસામાન ચોરી ફરાર થઈ ગયા હતા. વિજ વિભાગના અધિકારીઓને ચાલુ સબસ્ટેશનની વિજ લાઈનનું કેબલ ચોરાઈ જતાં પોલીસને જાણ કરી છે. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે મહેન્દ્ર દોલતરામ અહારીની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે.

# પ્રાંતિજ તાલુકા મંડપ લાઈટ એન્ડ સાઉન્ડ એસોસિયેશનની મીટીંગ યોજાઈ

## ગુજરાત મંડપ એસોસિયેશનના પ્રમુખ તથા જિલ્લા એસોસિયેશનના પ્રમુખ ઉપસ્થિત રહ્યા : પરિવાર સુરક્ષા વીમા કવચ યોજના વિષે માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ : માસ્ક સોશિયલ ડીસટન સાથે વાર્ષિક સાધારણ સભા યોજાઈ




પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા મંડપ લાઈટ એન્ડ સાઉન્ડ એસોસિયેશનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ.

પ્રાંતિજ ખાતે કાર્યરત પ્રાંતિજ તાલુકા મંડપ લાઈટ એન્ડ સાઉન્ડ એસોસિયેશનની વાર્ષિક સાધારણ સભા પ્રાંતિજ ખાતે આવેલ ઉમિયા વાડી ખાતે યોજાઈ હતી જેમા ગુજરાત મંડપ એસોસિયેશનના પ્રમુખ જગદીશભાઈ પરમાર, સાબરકાંઠા જિલ્લા મંડપ એસોસિયેશનના પ્રમુખ અશોકભાઈ સથવારા, પ્રાંતિજ મંડપ એસોસિયેશનના પ્રમુખ હસમુખભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ મનીષભાઈ દલાલ, મંત્રી અશોકભાઈ પટેલ, ખજાનચી કાર્તિકભાઈ દલાલ, યશવંત ભાઈ નાયક સહિત પ્રાંતિજ તાલુકા મંડપ લાઈટ એન્ડ સાઉન્ડ એસોસિયેશન ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને હાલ ચાલી રહેલ કોરોનાની મહામારીમાં ધંધાઓને લગતી ચર્ચાઓ બાદ એસોસિયેશન ના દરેક સભ્ય માટે પરિવાર સુરક્ષા વીમા કવચ યોજનાની શરૂઆત રથયાત્રા ના દિવસે શુભારંભ કરવામા આવશે તો માસ્ક અને સોશિયલ ડીસટન સાથે વાર્ષિક સાધારણ યોજાઈ હતી.

# પ્રાંતિજના તાજપુર કુઈથી સાદરા જતા માર્ગ પર મુકેલા બોર્ડમાં મોટો ગોટાળો

## તાજપુર કુઈથી બોભા સાદરા જતા માર્ગ પર દિશાસૂચક બોર્ડ વિરુદ્ધ દિશામાં : અજાણ લોકો આવતા અન્ય સ્થળે જતા રહે છે




પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના તાજપુર કૂઈ થી સાદરા જતા માર્ગ પર મુકેલા દિશાસૂચક બોર્ડ મા મોટો ગોટાળો થતા અજાણ લોકો આવતા અન્ય સ્થળે જતા રહે છે.

પ્રાંતિજના તાજપુર કૂઈથી સાદરા જતા માર્ગ ઉપર છેલ્લા ઘણા સમયથી આર એન્ડ વિભાગ દ્વારા આ માર્ગ પર લગાવવામા આવેલ દિશાસૂચક બોર્ડ મા ખોટા એરો અને કિમી દર્શાવાયા છે જેથી અહી આવતા અજાણ લોકો બોર્ડને લઈ ને અન્ય સ્થળે જતા રહેશે જેથી સત્વરે આ બોર્ડની નવેસરથી સચોટ બોર્ડ અને દિશા સૂચક બોર્ડ મુકવા આવે તેવી લોક માગણી ઉઠવા પામી છે.


# કુશ્કીના સીમાડામાં બેભાન ખેડૂતનું મોત, સવારે ખેતરમાં કામ કરતાં હૃદય રોગનો હુમલો આવ્યાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

ભિલોડા તાલુકાના કુશ્કી ગામના સીમાડામાં સવારે ખેતરમાં કામ કરતા ખેડૂત વિનોદ ગોબરભાઈ બેભાન અવસ્થામાં મળી આવ્યા પછી સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાતાં તબીબ દ્વારા તેમને મૃત ઘોષિત કરવામાં આવતાં પરિવારમાં શોક છવાયો છે. ખેડૂતને ખેતરમાં જ હૃદય રોગનો હુમલો આવ્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. બનાવ અંગે શામળાજી પોલીસે એડી નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના કુશ્કી ગામના ૫૪ વર્ષિય ખેડુત તા.૯ના રોજ સવારના સમયે તેમના ખેતરમાં પહોંચ્યા હતા જ્યાં ખેતી કામ દરમ્યાન કોઈપણ કારણોસર તેઓ બેભાન થઈ ખેતરમાં ઢળી પડ્યા હતા. આસપાસના ખેડૂતોના ધ્યાનમાં આ હકીકત આવતાં તાબડતોબ પરિવારને જાણ કરવામાં આવી હતી જેમાં બેભાન ખેડૂતને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા તે સમયે તેમનું મૃત્યુ થયું હોવાનું જણાવવામાં આવ્યું હતું. ઘરેથી ખેતરમાં ગયેલા ખેડૂતનું આકસ્મિક રીતે મોત નિપજતાં હૃદયરોગના હુમલાથી કે પછી કોઈ ઝેરી જાનવર કરડવાથી મોત થયું હોવાની અલગ અલગ પ્રકારની આશંકાઓ સેવાઈ રહી છે. બનાવ અંગે નાનજીભાઈ દલાભાઈ મકવાણાની ખબરના આધારે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા બક્ષીપંચ મોરચાના કારોબારી સભ્ય તરીકે નિમણૂક કરાઈ



નેત્રામલી, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના બક્ષીપંચ મોરચા સમિતિમાં નાયી પ્રહલાદભાઈ (ઉમેદગઢ)ની જિલ્લા કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવતાં ઈડર બેતાલીસ લિમ્બાચિયા સમાજ તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## જન્મદિને વધામણી



મિસરી પ્રણવકુમાર ભાવસાર
મોડાસા (લંડન)



મહેશભાઈ ડી. પટેલ
(પૂર્વ વાઈસ ચેરમેન : ધનસુરા માર્કેટયાર્ડ)
બુટાલ, તા.ધનસુરા



મનુભાઈ જે. પટેલ
(ફાર્મસીસ્ટ : અરવલ્લી જિલ્લા પંચાયત)
પુંસરી, તા.તલોદ



કનુભાઈ પરમાર
(પ્રા. શિક્ષક)
(રવિપાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



અમરીશ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



મુકેશ પટેલ
(વિશ્વાસ સુપર મોલ)
બાયડ, જિ.અરવલ્લી



બળવંતભાઈ એલ. પટેલ
(કોન્ટ્રાક્ટર)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



પાર્થ પંકજભાઈ દોષી
આચેન, જર્મની
બાયડ(ડાભા)



કલ્પકુમાર પ્રશાંતભાઈ ઠાકોર
(એફ-૨૭, વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી